## મહાનિબંધનો પરિચયાત્મક સંક્ષેપ. Summary

અખાના વૃધ્ધસમકાલીન જ્ઞાનમાર્ગી કવિ નરહરિનું જ્ઞાનમાર્ગી કવિતાપરંપરામાં મહત્ત્વનું સ્થાન છે. નરહરિની મહત્ત્વની ઘણીખરી કૃતિઓની શ્રધ્ધેય સમીક્ષિત વાચનાઓ આજ સુધી ઉપલબ્ધ બની નથી. આ મહાનિબન્ધમાં એની મુખ્યકૃતિ "જ્ઞાનગીતા"ની સમીક્ષિત વાચના શાસ્ત્રીય પધ્ધતિએ આપવામાં આવી છે, તથા તે સાથે નરહરિસમેત જ્ઞાનમાર્ગી કવિઓની પરંપરા વિશે એક વિસ્તૃત અભ્યાસલેખ જોડવામાં આવ્યો છે. આ મહાનિબન્ધનો સાર નીચે મુજબ છે.

**પ્રતિપરિચય:**

"જ્ઞાનગીતા"ની આ સમીક્ષિત વાચના તૈયાર કરવામાં ફાર્બસ સભાની ક્રમાંક ૧૪૫ તથા ૧૭૨ એમ બે હસ્તલિખિત પ્રતો, પ્રાચ્યવિદ્યામંદિર, વડોદરાની ક્રમાંક ૪૫૭૩ વાળી એક તથા ગૂજરાત વિદ્યાસભાની ક્રમાંક ૩૯ વાળી એક એમ ચાર હસ્તલિખિત પ્રતોનો તેમ જ અમદાવાદથી સંવત ૧૯૭૦ માં સ્વામી સ્વયંપ્રકાશતીર્થે પ્રકટ કરેલી "જ્ઞાનગીતા અને મહાત્મા સર્યૂદાસ" નામની મુદ્રિત પ્રતનો ઉપયોગ કર્યો છે. આ પ્રતોનું વીગતે વર્ણન આપ્યું છે.

**પ્રસ્તાવના:**

"પ્રસ્તાવના"માં નરહરિસમેત જ્ઞાનમાર્ગી કવિઓની પરંપરા વિશે ઐતિહાસિક તેમજ આલોચનાત્મક અધ્યયન રજૂ કર્યું છે.

આપણી જ્ઞાનમાર્ગી કવિતાની પરંપરાના પર અનેક પ્રાચીન સંસ્કારો પડયા છે. આ સંસ્કારોની ક્રમિક અસર બતાવવાને છેક ઋગ્વેદથી માંડીને તે મધ્યકાલીન સંતપરંપરા સુધીની ધારાને અહીં સ્ફુટ કરીને બતાવી છે. આ પરંપરાને આપણે જ્ઞાનમાર્ગી કહીએ છીએ તે ઔપચારિક અર્થમાં જ, કારણકે આ પરંપરામાં યોગ, તંત્ર, બૌધ્ધ મહાયાન શાખા, વૈષ્ણવ સહજિયા સંપ્રદાય, સિધ્ધ સંપ્રદાય, નાથ સંપ્રદાય, સૂફીસાધના વગેરેની ભાત પડેલી છે. એ એકાન્તિક જ્ઞાનમાર્ગને અનુસરે છે એવું પણ નથી. "ચિત્તવિચારસંવાદ" માં અને "અખેગીતા"માં અખાએ કહ્યું છે તેમ એમાં ભક્તિનું મહત્ત્વ છે. ખરું, પણ આ ભક્તિ તે ૮૧ પ્રકારની સકામ ભક્તિ પૈકીની નહિ, પણ નિરાશી ફલની ૮૨ મો નિર્ગુણ ભક્તિ છે. નરહરિએ પણ કહ્યું છે:

> ભેદ કરે ભક્તિજ્ઞાનમાં તે નર જાણજો મૂઢ રે
> સંતને સર્વ સમાંન છે, છણે લહુ તત્ત્વ તે ગૂઢ રે.
> (ગોપી ઉધ્ધવ સંવાદ ,૩૩)

સાચી રીતે કહીએ તો એ કવિઓ સાધકો હતા, સંતો હતા. એમણે સ્વાનુભવના પર જ ભાર મૂક્યો છે. આચાર્ય ક્ષિતિમોહન સેને એમને "અનુભવ-સાચપંથી" કહ્યા છે. કવિવર રવીન્દ્રનાથે એમને માટે "સન્ધાની" એવી સંજ્ઞા વાપરી છે, શ્રી ઉમાશંકર જોશી એમને "અનુભવાર્થી" કહે છે.

આ પરંપરાના ઉદ્ભવને ઋગ્વેદના મરમી સૂક્તો તથા અવળવાણી તેમ જ અથર્વવેદના વ્રાત્યો સાથે સાંકળીને બૃહદારણ્યક,છાંદોગ્ય,કઠ અને પાછળનાં મૈત્રેયી,વજ્રસૂચી વગેરે ઉપનિષદો,અગિયારમા સૈકાના મુનિ રામસિંગના "પાહુડદોહા",એના સમકાલીન સરહપાદ કણ્હપાદ વગેરેના બૌધ્ધ દોહા,સિધ્ધ અને નાથ સાધકોની વાણી અને અંતમાં ઉત્તર ભારતીય મધ્યકાલીન સંતપરંપરા સાથે સાંકળી લઇને આ ધારાના ક્રમિક વિકાસને બતાવ્યો છે.ત્યાર પછી નરસિંહ,મીરાં,પંડિત ધનરાજ,કૃષ્ણજી,નરહરિ,અખો,ગોપાળદાસ,બૂટિયો,નારાયણ, અનુભવાનંદ,વસ્તો વિશ્વંભર,ભાણસાહેબ,રણછોડ,પ્રાગજી,પ્રીતમ,જગજીવન,જીવનદાસ,જીવણદાસ, (બ્રહ્મવાદી),નિરાંત,બાપુસાહેબ ગાયકવાડ,રવિસાહેબ,ધીરો,ભોજો,દયાળ,દામોદરાશ્રમ, કૈવળપુરી,મનોહરસ્વામી,સંતરામ અને શિષ્યમંડળ--આટલા આ ધારાના પ્રધાન કવિઓની, આ ધારાનાં લક્ષણોને પ્રકટ કરતી,ઉલ્લેખપાત્ર કૃતિઓનો પરિચય કરાવ્યો છે.

નરહરિની કૃતિઓને કાલાનુક્રમે ગોઠવીને એનો વીગતે અભ્યાસ રજૂ કર્યો છે.નરહરિ-ની અનુવાદાત્મક ગણાતી કૃતિઓ કેટલે અંશે અનુવાદરૂપ છે તેની ચર્ચા કરી છે."ગોપી-ઉધ્ધવસંવાદ","ભક્તિમંજરી","કીર્તનો" અને "હસ્તામલક" નો અહીં,પહેલી જ વાર,અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે.નરહરિ પરનું એના પુરોગામીઓનું ઋણ અને નરહરિનું એના અનુ-ગામીઓ પરનું ઋણ આણી પરંપરાના ક્રમબધ્ધ વિકાસના સંદર્ભમાં ચર્ચ્યું છે.

અન્ય કવિઓ પૈકી પંડિત ધનરાજ,કૃષ્ણજી,પુરુષોત્તમ,નારાયણ,અનુભવાનંદ,વસ્તો વિશ્વંભર,રણછોડ,પ્રાગજી,જીવણદાસ(બ્રહ્મવાદી)-આટલા કવિઓનો,એમની અપ્રસિધ્ધ કૃતિઓને આધારે,પહેલી જ વાર,અભ્યાસ કર્યો છે.બૂટિયો,ભાણસાહેબ,જગજીવન,દયાળ,દામોદરાશ્રમ, કૈવળપુરી,મનોહરસ્વામી અને સંતરામનું સાહિત્ય પ્રસિધ્ધ હતું છતાં,આ ધારાના સંદર્ભમાં એનો અભ્યાસ આજસુધી થયો નહોતો,તે અહીં પહેલી વાર કરવામાં આવ્યો છે.આ કાર્ય માટે ગૂજરાતના જુદા જુદા હસ્તપ્રતોના સંગ્રહોમાંથી આસરે ૩૫ જેટલી હસ્તપ્રતોનો અને પ્રસિધ્ધ પણ અલ્પપરિચિત એવી ઘણી કૃતિઓનો ઉપયોગ કર્યો છે.

"જ્ઞાનગીતા" ની સમીક્ષિત વાચના.

આ પ્રમાણેના પ્રાસ્તાવિક અધ્યયન પછી "જ્ઞાનગીતા"ની સમીક્ષિત વાચના આપવા માં આવી છે.એમાં ફાર્બસ સભાની ક્રમાંક ૧૪૫ વાળી હસ્તપ્રતને મુખ્ય ગણીને બાકીની ત્રણ હસ્તલિખિત પ્રતો અને એક મુદ્રિત પ્રતના લગભગ બધાં જ પાઠાન્તરો નોંધ્યાં છે.સંપાદનની પધ્ધતિનો પરિચય "પ્રતિપરિચય" માં આગળ આપ્યો છે.

ત્રણ પરિશિષ્ટો.

ત્રણ પરિશિષ્ટો પૈકી પ્રથમ પરિશિષ્ટમાં નરહરિની અપ્રસિધ્ધ કૃતિઓ પૈકી "ગોપીઉધ્ધવસંવાદ" ,"સંતનાં લક્ષણો" અને " આનંદરાસ" ની સમીક્ષિત વાચનાઓ આપી છે."વિનંતી" નું કર્તૃત્વ સંદિગ્ધ છે અને "કક્કા"માં ખાસ કશું વિશિષ્ટ નથી એટલે એનો અહીં

સમાવેશ કર્યો નથી. નરહરિનાં કીર્તનો, હવે પછી તૈયાર થનારા આ ધારાના પદસંગ્રહમાં એનો સમાવેશ કરવાનો હોઇ, અહીં લેવામાં આવ્યાં નથી. બીજા પરિશિષ્ટમાં જ્ઞાનમાર્ગી કાવ્યધારાનાં કક્કો, બારાખડી, બાવની, વાર, તિથિ, બારમાસી, વાણી, સાખી, ગીતા, અવળવાણી વગેરે વિશિષ્ટ સાહિત્યસ્વરૂપોનો, નાથપરંપરા અને સંતકાવ્યપરંપરામાંથી સિધ્ધ થતો, ક્રમિક, વિકાસ બતાવ્યો છે. ત્રીજા પરિશિષ્ટમાં આ સાધનાધારાની કેટલીક વિશિષ્ટ પારિભાષિક સંજ્ઞાઓનો પરિચય કરાવ્યો છે. ઉપલબ્ધ સાહિત્યમાંથી અવતરણો અને પ્રમાણો આપીને એ સંજ્ઞાઓના અર્થવિકાસની ચર્ચા કરી છે.

અંતમાં "જ્ઞાનગીતા" માં આવતા નોંધપાત્ર શબ્દોની સૂચી આપી છે. ભાષાકીય દૃષ્ટિએ જરૂરી લાગ્યું ત્યાં વ્યુત્પત્તિ આપી છે, ને એ વિશેના અનુમાનોને કૌંસમાં પ્રશ્નાર્થ મૂકીને સૂચવ્યાં છે.